| | |
|---|---|
| રજુ તારીખ | ૨૧/૧૧/૨૦૧૧ |
| દાખલ તારીખ | ૨૧/૧૧/૨૦૧૧ |
| ફેંસલ તારીખ | ૦૮/૦૧/૨૦૧૯ |
| અવધિ | વર્ષ– માસ– દિવસ– |

**સાબરકાંઠા જીલ્લાના મે. મોટર અકસ્માત વળતર પંચ (સહાયક) સમક્ષ,**
એડી.ડીસ્ટ્રીકટ કોર્ટ,મુ.ઈડર.

**<u>મુખ્ય.એમ.એ.સી.પી.નં.૯૨૭/૨૦૧૧</u>**
**<u>એમ.એ.સી.પી.નં.૯૧૭/૨૦૧૧</u>**
**<u>એમ.એ.સી.પી.નં.૯૧૮/૨૦૧૧</u>**

**આંક–૯૧**

**<u>એમ.એ.સી.પી.નં.૯૨૮/૨૦૧૧</u>**

**અરજદારઃ–** **ભાવનાબેન નરેશભાઈ પટેલ ગુજરતા વારસદારોઃ–**

**(૧) નરેશભાઈ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૩૭, ધંધોઃ–પરચુરણકામ (અપંગ હોવાથી),
રહેઃ ગોકુલપુરા, તા.ઈડર જી.સાબરકાંઠા.

**(૨) પ્રજ્ઞેશકુમાર નરેશભાઈ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.પુખ્ત, ધંધો–અભ્યાસ,
રહેઃ ગોકુલપુરા, તા.ઈડર જી.સાબરકાંઠા.

**(૩) પ્રદીપ નરેશભાઈ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.પુખ્ત, ધંધો–અભ્યાસ,
રહેઃ ગોકુલપુરા, તા.ઈડર જી.સાબરકાંઠા.

**<u>એમ.એ.સી.પી.નં.૯૧૭/૨૦૧૧</u>**

**અરજદારઃ–** **મણીલાલ કોદરભાઈ પટેલ ગુજરતા વારસોઃ–**

**(૧) બાબુભાઈ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૮, ધંધોઃ–હિન્દુ, ધંધો–ખેતી
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**(૨) નિલેષ ઉર્ફે નરેશ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૫, ધંધોઃ–હિન્દુ, ધંધો–ખેતી
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**(૩) ઉષાબેન મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૬, ધંધોઃ–હિન્દુ, ધંધો–ઘરકામ
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**એમ.એ.સી.પી.નં.૯૧૮/૨૦૧૫**

**અરજદારઃ–** **મણીલાલ કોદરભાઈ પટેલ ગુજરતા વારસોઃ–**

**(૧) બાબુભાઈ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૮, ધંધોઃ–હિન્દુ, ધંધો–ખેતી
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**(૨) નિલેષ ઉર્ફે નરેશ મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૫, ધંધોઃ–હિન્દુ, ધંધો–ખેતી
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**(૩) ઉષાબેન મણીલાલ પટેલ,**
ઉ.આ.વ.૪૬, ધંધોઃ–હિન્દુ, ધંધો–ઘરકામ
રહેઃ ગોકુલપુરા,તા.ઈડર, જી.સાબરકાંઠા.

**વિ રૂ ધ્ધ**

**સામાવાળાઃ–** ૧. **ઈન્ડીગો ગાડી નં.યુ.પી.૧૭–એફ.૧૦૦૮ ના ડ્રાયવર**
**ભરતકુમાર રાજરૂપ,**
ઉ.આ.વ.પુખ્ત, ધર્મેઃ હિંદુ, ધંધો–ડ્રાયવીગ,
રહે.૧૨/૯૧૬– નવયુગ કોલોની બેરૂત, જી.બાગપત, ઉત્તરપ્રદેશ.

૨. **ઈન્ડીગો ગાડી નં.યુ.પી.૧૭–એફ.૧૦૦૮ ના માલીક**
ભવિષ્યકુમાર રહતુમલ જૈન,
ઉ.આ.વ.પુખ્ત, ધર્મે–હિન્દુ, ધંધો–માલીક,
રહે.નયા બજાર, નહેરૂમુર્તિ, બેરૂત, જી.બાગપત.

૩. **ઈન્ડીગો ગાડી નં.યુ.પી.૧૭–એફ.૧૦૦૮ ની વીમા કંપની**
**નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લી.**
ઠે. આરોગ્યનગર, બસ સ્ટેન્ડની પાસે, મુ.તા.હિંમતનગર.

૪. **મો.સાયકલ ડ્રાયવર તથા માલીક**
**મણીલાલ કોદરભાઈ પટેલ,**
રહે.ઉપર મુજબ

**અરજઃ–એમ.એ.સી.પી.નં.૯૨૭/૨૦૧૧માં અકસ્માત વળતર રૂા.૮,૦૦,૦૦૦/– મેળવવા માટે.**

**અરજઃ–એમ.એ.સી.પી.નં.૯૧૭/૨૦૧૧માં અકસ્માત વળતર રૂા.૨,૦૦,૦૦૦/– મેળવવા માટે.**

**અરજઃ–એમ.એ.સી.પી.નં.૯૧૮/૨૦૧૧ માં અકસ્માત વળતર રૂા.૨૫,૦૦૦/– મેળવવા માટે.**

---

અરજદારો તરફે વિ.વકીલ શ્રી પી.વી.ત્રિવેદી
સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી એસ.ડી.મનસુરી
સામાવાળા નં.૨ ને બજવા છતાં ગેરહાજર.
સામાવાળા નં.૩ તરફે વિ.વકીલ શ્રી એન.એચ.ત્રિવેદી

---

## // ઠરાવ //

**૧.** આ કામે અરજદારોએ એમ.એ.સી.પી.નં.૯૨૭/૨૦૧૧ માં અકસ્માત વળતર રૂા.૮,૦૦,૦૦૦/– મેળવવા માટે, એમ.એ.સી.પી.નં.૯૧૭/૨૦૧૧ માં અકસ્માત વળતર રૂા.૨,૦૦,૦૦૦/– મેળવવા માટે તથા એમ.એ.સી.પી.નં.૯૧૮/૨૦૧૧ માં અકસ્માત વળતર રૂા.૨૫,૦૦૦/– મેળવવા એમ.વી.એકટની કલમ–૧૬૬ અન્વયેની વળતર અરજી ઓ કરેલી છે.

**૨.** જે અંગે અરજદારોની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે,તા.૨૬–૦૯–૧૧ ના રોજ અરજદારો તેમની માલીકી અને ડ્રાયવીંગવાળી મોટર સાયકલ નં.જી.જે.૯.એ.એમ. ૪૬૭૩ ઉપર જાદર પાસે આવેલ ભુવેલ ગામમાં લોકાઈ જવાનું હોઈ સવારે ગોકુલપુરા ગામે થી ભુવેલ જાદર ગામ તરફ નિકળેલા તે વખતે તેમના પુત્રવધુ ભાવનાબેન મોટર સાયકલની પાછળની સીટે બેઠેલ હતા અને અરજદાર મોટર સાયકલ રસ્તાની ખરી સાઈડે ધીમે ધીમે વાહન વ્યવહારના નિતિ નિયમો મુજબ હંકારી ભુવેલ ગામ તરફ જવા દરામલી ચાર રસ્તાથી વળતા તે વખતે હિંમતનગર તરફથી આશરે ૧૦/૩૦ વાગ્યાના સુમારે સામાવાળા નં.૧ નાઓ પોતાના કબજાની ડ્રાઈવીંગ વાળી ગાડી નં.યુ.પી.૧૭–એફ.૧૦૦૮ ની પુરઝડપે, ગફલતભરી રીતે વાહન વ્યવહારના નિતિ નિયમો વિરૂધ્ધ હંકારી લાવી અરજદાર હંકારતા હતા તે મોટર સાયકલને પાછળના ભાગે સાઈડથી ટકકર મારતા અરજદારોને ગંભીર ઈજા ઓ થયેલ અને અરજદાર ભાવનાબેનને ગંભીર ઈજાઓ થતા તેમનું સારવાર દરમયાન મૃત્યુ નિપજેલ. જેથી અરજદારોએ તેમની અરજીની વિગતે સામાવાળાઓ પાસેથી વળતર મેળવવા ઉપરોકત વળતર અરજીઓ કરેલી છે.

**૩.** આ કામે સામાવાળાઓને વળતર અરજીની નોટીસ બજતા સામાવાળા નં.૧ તરફે આંક–૩૩ થી જવાબ રજુ થયેલ છે તથા સામાવાળા નં.૩ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી. તરફે આંક–૪૧ થી જવાબ રજુ થયેલ છે.

**૩.૧.** આકામે સામાવાળા નં.૧ તેમના જવાબ આંક–૩૩ માં અરજદારોની વળતર અરજીઓનો મહંદઅંશે ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, કહેવાતો અકસ્માત થયો તેમાં સામાવાળા નં.૧ ની કોઈ જ કસુર કે બેદરકારી ન હતી. સામવાળા નં.૧ તેના કબજાની ઈન્ડીગો ગાડી નં.યુ.પી.૧૭.એફ.૧૦૦૮ ની હિંમતનગરથી દરામલી તરફ રોડની ખરી સાઈડે ધીમી ગતિએ હંકારીને પસાર થઈ રહેલ હતા તે સમયે દરામલી ચાર રસ્તા નજીક મર્હુમના સસરા મણીલાલ તેમના કબજાની મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૬ ની પુરઝડપે, બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે હંકારી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી ઓચિંતા આવી જઈ તેઓની ઈન્ડીગો ગાડી સાથે અથડાવી અકસ્માત સર્જેલ. સદર

કહેવાતો અકસ્માત મોટર સાયકલનં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૬ ના ચાલકની બેદરકારી અને ગફલતભરી ડ્રાયવીંગના કારણે બનવા પામેલ છે તેમાં સામાવાળા નં.૧ ની કોઈ જ કસુર કે બેદરકારી નથી.જેથી અરજદારોની વળતર અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૩.૨.** આ કામે સામાવાળા નં.૩ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી.એ તેમના જવાબ આંક–૪૧ માં જણાવેલ છે કે, બનાવ સમયે સામાવાળા નં.૩ તેમના કબજાની કાર ધીમી ગતિએ, સાવચેતીપુર્વક ચલાવીને આવતા હતા ત્યારે અરજદાર તેમના કબજાની મોટર સાયકલ પુરઝડપે, બેદરકારીથી હંકારી કાર સાથે અથડાવેલ અને તે રીતે અરજદારની બેદરકારીના કારણે અકસ્માત થયેલાનું જણાવેલ છે. અરજદારોએ તેમની અરજીની તમામ હકીકતો પુરવાર કરવી જોઈએ. વીમા કંપનીને મળતા દરેક કાયદાકીય બચાવ લીધા છે. વીમા કંપની તરફથી અરજદારો કહે છે તે પ્રમાણેનો અકસ્માત થયાની હકીકત, અરજદારો ની આવકની હકીકત, અરજદારોને ઈજાઓ થયાની હકીકત તેમજ અરજદારોને ખર્ચ થયેલા ની વિગતોનો ઈન્કાર કરેલો છે. કહેવાતો અકસ્માતનો બનાવ અરજદાર મોટર સાયકલના ચાલકની સંપુર્ણ કસુર અને બેદરકારીને કારણે બનેલ છે. આમ આ અકસ્માત અરજદાર મોટર સાયકલ ચાલકની કસુરને કારણે બનેલ હોઈ, સામાવાળા નં.૩ નું કોઈ કસુર ન હોઈ સામાવાળાની વળતરની કોઈ જવાબદારી થતી નથી. છેવટે વીમા કંપનીએ તેઓ સામેની અરજી રદ કરવા જણાવેલ છે.

**૪.** આ કામે અરજીના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ આંક– થી ઉપસ્થિત કરેલ છે.

**<u>// મુદ્દા //</u>**

1. Whether the applicant proves that he sustained grievous injuries mentioned in petition in vehicular accident due to rash and negligent driving of offending vehicle ?
2. Whether the applicant is entitle to get compensation ? if yes, what amount and from whom ?
3. What Order ?

**૫.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં. સામાવાળા નં.૩ ની ૭૫% તથા એમ.એ.સી.પી.નં.૯૨૭/૧૧ ના અરજદારની ૨૫% ઈન્ટરસે કંમ્પોઝીટ નેગ્લીજન્સી જયારે ૯/૧૭ માં સહાયક બેદરકારી

૨. હકારમાં.

૩. છેવટના હુકમ મુજબ.

**૬.** આ કામે અરજદારોના વિધ્વાન વકીલશ્રી મૌખિક દલીલો સાંભળી તથા સામાવાળા નં.૩ વીમા કંપની તરફે આંક–૯૦ થી રજુ થયેલ લેખીત દલીલો ધ્યાનમાં લીધી.

## // <u>કા ર ણો</u> //

**<u>મુદ્દા નંબર–૧ ની ચર્ચા અને કારણોઃ–</u>**

**૭.** આ કામે બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની રજુઆત દલીલો ધ્યાને લેતા આંક–૧નું રેકડ ધ્યાને લઈએ તો હાલની ત્રણ ગ્રૃપ અજીઓમાં એમ.એ.સી.પી.નં.૯૨૭/૧૧ ની વળતર અરજી મરનાર ભાવનાબેનના પતિ નરેશભાઈ પટેલનાએ દાખલ કરેલ છે. જયારે અન્ય બે વળતર અરજીઓ ગુજરનાર ભાવનાબેનના સસરા મણીલાલને થયેલ ઈજાઓ માટે અને મણીલાલની મોટર સાયકલ નંબર–જી.જે.૦૯–એ.એમ.૪૬૭૩ ને અકસ્માતમાં થયેલ નુકશાન વળતર મેળવવા માટે દાખલ કરેલ છે.

**૮.** ઉપરોકત ત્રણે વળતર અરજીઓના આંક–૧ પેરા–૧૬ માં દર્શાવ્યા મુજબ અનુક્રમે રૂા.૫૧૫૦/–, રૂા.૨,૧૫૦/– અને રૂા.૮૫૦/– ના કોર્ટ ફી સ્ટેમ્પ ભરપાઈ કરીને દાખલ કરવામાં આવેલ છે.

**૯.** આ કામે આંક–૯૦ ની તા.૦૫/૦૧/૧૯ ના રોજ વીમા કંપનીના વકીલશ્રી એન.એચ.ત્રિવેદીએ રજુ કરેલ દલીલો સાથે તેમને અરજદારોના વકીલશ્રી પી.વી.ત્રિવેદી સાથે થયેલ ટેલીફોનીક વાતચીત અને સુચના મુજબ અરજદારો તરફે મોટર સાયકલ નંબર–જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ ના ચાલકની જે કોઈ જવાબદાર ટ્રીબ્યુનલ ઠરાવે અને આવે તે જતી કરવાની તૈયારી સાથે સુચનવાળી પુરસીસ આંક–૮૯ થી રજુ કરીને અપાયેલ છે અને આમ કોર્ટ ઓફીસર તરીકે શ્રી એન.એચ.ત્રિવેદીએ આપેલ આંક–૮૯ ની પુરસીસની હકીકત ન સ્વીકારવા કોઈ ન્યાયીક ઉચિત કારણ નથી. જેની ટ્રીબ્યુનલે રેકોર્ડેડ કરીને નોંધ લીધેલ છે.

**૧૦.** એકંદરે આંક–૯૦ ની દલીલોમાં પેરા–૧ માં સબ પેરા–૧ થી રોમન પેરા–૫ સુધી વીમા કંપનીની રજુઆત દલીલ એવી છે કેઃ–

**(i)** આ કામે નેગલીજન્સી બાબતે..

**(ii)** આ કામે અરજદારની વળતર અરજીના કામે રજુ થયેલ દસ્તાવેજી પેપર્સ જોતાં તેમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું, વાહનોના પંચનામાં વિગેરે જોતાં આ અકસ્માત એકમાત્ર બાઈક નં.જી.જે.૦૯ એ.એમ.૪૬૭૩ ના ચાલક જે આ કામે અરજદાર હતા, જેનું નામ મણીલાલ કોદરભાઈ પટેલની સંપુર્ણ બેદરકારીના કારણે અકસ્માત બનેલ જેથી નેગ્લીજન્સીના ગ્રાઉન્ડ ઉપર સામાવાળાને આ કામે વળતર ચુકવવાની જવાબદારી થતી નથી.

**(iii)** આ કામે વાહનોના પંચનામાં જોવામાં આવે તો સામાવાળા નં.૩ ના વાહન ઈન્ડીકા કારને ડ્રાયવર સાઈડના પાછળના દરવાજે મોટર સાયકલ ટકરાતા ગોબો પડેલ છે. જયારે મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ નાને હેડ લાઈટ તેમજ

જમ્પર તુટેલ છે, જેથી પણ મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ ના ડ્રાયવરની બેદરકારીથી અકસ્માત બનેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**(iv)** આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું જોવામાં આવે તો પણ ગુનાવાળી જગ્યા દરામલી ચાર રસ્તા આવેલ છે. જયાં હિંમતનગરથી ઈડર દક્ષિણથી ઉત્તર તરફ સ્ટેટ હાઈવે આવેલ છે અને ભદ્રેસરથી જાદર જે પુર્વથી પશ્ચીમ તરફ જતા રોડ આવેલ છે. આ કામના અરજદાર તેમના ગામ ગોકળપુરાથી ભુવેલ ગામ તરફ જતા હતા જેથી અરજદાર ને (મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩) ના ડ્રાયવર મણીભાઈ કોદરભાઈ પટેલ ને હિંમતનગર ઈડર સ્ટેટ હાઈવે ક્રોસ કરી જાદર તરફ આવેલ ભુવેલ ગામ જવાનું હોય તે બેદરકારીપુર્વક રોડની બંનેસાઈડ જોયા વિના રોડ ક્રોસ કરતા ઈન્ડીકાને ખાલી સાઈડે ટકરાતા ઈન્ડીકાનો ડ્રાયવરે કંન્ટ્રોલ ગુમાવતા રોડ સાઈડે ઉભેલી રીક્ષાને પાછળના ભાગે ટકરાતા સામાવાળા નં.૩ ની ઈન્ડીકા કારને આગળ બોનેટના ભાગે નુકશાન થયેલ છે. જેથી જો બાઈક નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ ના ડ્રાયવરે સાવચેતીપુર્વક સ્ટેટ હાઈવે ઉપર પસાર થતા વાહનોને પસાર થઈ જવા દીધા બાદ રોડ ક્રોસ કરેલ હોત તો આ અકસ્માત બનેલ ના હોત. જેથી આંક–૭૪ નું પંચનામું જોવામાં આવે તો એકમાત્ર મોટર સાયકલ નં.જી.જે.૦૯. એ.એમ.૪૬૭૩ ની બેદરકારક ડ્રાયવીંગના કારણે અકસ્માત બનેલ છે. સામાવાળા નં.૩ ના વાહનની કોઈ જ બેદરકારી ના હોઈ વીમા કંપનીની વળતર ચુકવવાની કોઈ જ જવાબદારી થતી નથી, જે હકીકત ધ્યાને લીધી.

**૧૧.** જયારે અરજદારોના વકીલશ્રી પી.વી.ત્રિવેદીએ મૌખિક દલીલો રજુઆત કરેલ છે અને તેમણે તેમની દલીલોના સંદર્ભમાં નીચે મુજબના ચુકાદા ઉપર કોન્ટ્રીબ્યુટરી નેગ્લેજન્સીના સિધ્ધાંત સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ, નામદાર સુપ્રિમ કોર્ટના અન્ય અરજીમાંના તકરારી મુદ્દાઓ સંદર્ભે રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

1. 2013(0) GLHEL-SC 54170
   SUPREME COURT OF INDIA
   ( HIGH COURT OF KERALA)

   Jiju kuruvila Versus Kunjujamma Mohan
   with
   Oriental insurance Company Limited
   Versus Chinnamma Joyp

2. 2009 (0) GLHEL-HC 54170
   GUJARAT HIGH COURT

   Bajaj Allianz General Insurance Company
   Limited Versus Bhikhabhai Manilal Patel

3. 2008 (0) GLHEL-SC 40567
SUPREME COURT OF INDIA
( HIGH COURT OF KERALA)

T.O.Anthony Versus Karaman

4. SUPREME COURT OF INDIA (Reportable)
SP. LEAVE PETITION ( CIVIL) NO.25590 OF 2014

National Insurance Company Limited Versus Pranay Sethi and Ors.

5. 2009 (0) GLHEL-SC 43621
SUPREME COURT OF INDIA
( HIGH COURT OF DELHI )

Sarla Verma Versus Transport Corporation

6. (2018)2 SCel 1278
SUPREME COURT OF INDIA

RANI & Ors. Versus National Insurance Company Ltd. & Ors.

ઉપરોક્ત ચુકાદા આદરપુર્વક માનપુર્વક વંચાણે લીધા અને તેમાં પ્રસ્થાપિત ન્યાયીક સિધ્ધાંત સાથે આ ટ્રીબ્યુનલ સંમત થાય છે.

**૧૨.** એકંદરે હાથ પરના કેસમાં આંક–૪૨ થી ઉપરોક્ત એકજ બનાવના સંદર્ભે જુદી જુદી વળતર અરજીઓ કરેલ હોઈ પક્ષકારોના વકીલશ્રીઓની સંમતિ રજુઆત સંદર્ભે તમામ અરજીઓ કોન્સોલીડેટ કરીને સુનાવણી કરવામાં આવેલ છે.

**૧૩.** હાથ પરના કેસમાં આંક–૩૭ થી નેલીજન્સી સંદર્ભે જવાબના પેરા–૮ માં નીચે મુજબની તકરારો લીધેલ છે.

It is specifically contended that accident was a result of sole rash and negligent driving on the part of opponent No.4 driver of motorcycle No.GJ 9AM 4673 only as he took a turn without taking care of vehicles proceeding on the road and without taking care of vehicle following him and on account of that only, the accident took place and therefore, there was no negligence whatsoever on the part of opponent No.1 driver of

Indigo Car No.UP 17F 1008 and therefore this opponent No.3 is not liable to pay any amount of compensation to applicants.

Altematively, it is contended that there was greater coutributory negligence on the part of opponent No.4, as, if he would have teken sufficient care before swerving his motorcycle to take a turn, the accident could have been easily avoided. Therfore Hon'ble Tribunal is required to assess and apportion contributory negligence between opponent No.1 and oppnent No.4 appropriately.

**૧૪.** તેમજ જવાબના પેરા–૧૪ માં નીચે મુજબનો બચાવ અને કન્ટેશન લેવામાં આવેલ છે. જે ઘ્યાને લીધેલ છે, જે નીચે મુજબ છે.

It is specifically contended that another vehicle motor cycle No.GJ 9AM 4673 driven by opponent No.4 is involved in the accident and therefore, if any amount is awarded as interim compensation, same may please be apportioned equally between opponents no.1,2 and 3 on one hand and opponent No.4 on the other hand respectively.

**૧૫.** હાથ પરના કેસમાં ઉપરોકત ત્રણે વળતર અરજીઓમાં ગુજરનાર પત્ની તથા ઈજાગ્રસ્ત મણીલાલ કે જેઓ તા.૨૬/૦૯/૧૧ના બનાવમાં કુદરતી રીતે. તા.૨૪/૩/૧૩ ના રોજ ચાલુ વળતર અરજીના કામે ગુજરી ગયેલ અને આંક–૨૬ અને આંક–૨૮ થી તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે તેમના પુત્રોએ વારસો અને આશ્રીત તરીકે આંક–૪૬ થી તેમજ તેમના પિતાની માલકીની જે હોન્ડા મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ હતી તેના આશ્રીત તરીકે આંક–૪૮ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેની વીમા કંપની ના વકીલશ્રીએ ત્રણેમાં જુદા જુદા મુદ્દા ઉપર ઉલટતપાસ કરેલ છે જે આ ટ્રીબ્યુનલથી ઘ્યાને લેવામાં આવેલ છે.

**૧૬.** આ કામે ત્રણે વળતર અરજીઓમાં આંક–૪ ના લીસ્ટમાં અરજદારના વકીલ શ્રી પી.વી.ત્રિવેદીએ કુલ નિ.૪/૧ થી નિ.૪/૭ ના નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે વીમા કંપનીએ ઘ્યાને લીધેલ છે અને આંક–૫૪ ઉપર કેટલાક અનડીસપ્યુટ દસ્તાવેજો ને આંકે પાડવા પણ શેરો સંમતિ આપેલ છે જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧). | નિ.૪/૧ ફરીયાદની સર્ટીફાઈડ નકલ | આંક–૭૩ |
| (૨). | પંચનામાંની સર્ટીફાઈડ નકલ | આંક–૭૪ |
| (૩). | ઈન્કવેસ્ટ પંચનામાંની સર્ટીફાઈડ નકલ | આંક–૭૫ |
| (૪). | ઈન્ડીગો ગાડી નં.યુ.પી.૧૭એફ.૧૦૦૮ ની વીમા પોલીસીની નકલ | |
| (૫). | ઈન્ડીગો ગાડીના ડ્રાયવર ભરતકુમાર રાજરૂપના લાયસન્સની કોપી | |
| (૬). | મો.સા.નં.જી.જે.૯.એ.એમ.ની આર.સી. બુકની નકલ ઝેરોક્ષ | |
| (૭). | પટેલ મણીલાલ કોદરભાઈના ડ્રાયવીગ લાયસન્સની કોપી | |

**૧૭.** એકંદરે ઉપરોકત દસ્તાવેજોમાં આંક–૭૩, આંક–૭૪ અને આંક–૭૫ ને ફરીયાદ, પંચનામાં અને ઈન્કવેસ્ટ પંચનામાંને વીમા કંપનીના સંમતિ શેરા મુજબ આંક પડેલ છે જયારે અન્ય દસ્તાવેજો સંદર્ભે તે ખોટા હોવા વિશે, ઉપજાવી કાઢેલ હોવા વિશે કે ઉભા કરેલ હોવા વિશે કે તે અરજદારોએ વળતર મેળવવા માટે ખોટા ઉભા કર્યા છે તેવી કોઈ રજુઆત સબંધે વાંધા તકરાર કે અલગ અરજીથી જવાબમાં કે દસ્તાવેજી લીસ્ટમાં શેરો કરીને અપાયેલ નથી કે તેવી કોઈ હકીકતને દલીલોમાં પણ પડકારવામાં આવેલ નથી. આમ નિ.૪/૪ થી નિ.૪/૭ ના દસ્તાવેજો છેલ્લા સાત–આઠ વર્ષથી રેકર્ડ ઉપર રહેલ છે અને ઉપરોકત વાંધા તકરાર વીમા કંપની તરફે આજદીન સુધી લેવાયેલ નથી.જે હકીકત ધ્યાને લઈએ તો હાથ પરના કેસમાં એ હકીકત છે કે, વીમા કંપની તરફે કોઈપણ મૌખિક કે બીજો કોઈ વિશ્વસનીય પુરાવો રજુ થયેલ નથી. જયારે આ કામે રજુ આંક–૭૩ થી આંક –૭૫ ના દસ્તાવેજો ઉપરાંત આંક–૮૪ નું ચાર્જશીટ ઈન્ડીગો કારના ચાલક એટલે કે સામાવાળા નં.૧ સામે થયેલ છે. રજુ મૌખિક પુરાવો, પ્લીડીગ્સ, દસ્તાવેજના સંદર્ભમાં આ કામે બનાવ સમયે મરનાર ભાવનાબેનને તેમના સસરા મણીલાલ કે જેઓ એમ.એ.સી.પી. નં.૯૧૭/૧૧ ના કલેમન્ટ છે તે મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ ઉપર બેસાડી ને લઈને જતા હતા ત્યારે અકસ્માતની વિગતે બનાવ બનેલ છે. એકંદરે રજુ પંચનામાંના ઉપરથી મોટર સાયકલને થયેલ નુકશાન તથા ઈન્ડીગો કારને થયેલ નુકશાન પંચનામાં ઉપર થી ધ્યાને લેતા અને વાહનના પ્રકાર, રોડની સ્થિતિ અને બીજા કોઈ દાર્શનિક સાહેદનો પુરાવો આ કામે રહેલ નથી ત્યારે આ કામે મણીલાલ કોદરભાઈ પટેલ નિ.૪/૭ નું ડ્રાયવીગ લાયસન્સ બનાવ સમયે ધરાવતા હતા. તેજ રીતે હાથ પરના કેસમાં સામાવાળા નં.૧ ઈન્ડીગો ગાડીના ચાલકે તેમના વકીલશ્રી મનસુરી મારફતે અક–૩૩ નો વાંધા જવાબ રજુ કરેલ છે જેમાં પેરા–૬ માં નીચેની વિગતે જવાબમાં જણાવેલ છે.

**૧૭.૧** ખરી હકીકત એવી છે કે, કહેવાતો અકસ્માત થયો તેમાં સામાવાળા નં.૧ ની કોઈ જ કસુર કે બેદરકારી ન હતી. સામાવાળા નં.૧ તેના કબજાની ઈન્ડીગો ગાડી નં.યુ.પી. ૧૭.એફ.૧૦૦૮ ની હિંમતનગરથી દરામલી તરફ રોડની ખરી સાઈડે ધીમી ગતિએ હંકારી ને પસાર થઈ રહેલ હતા તે સમયે દરામલી ચાર રસ્તા નજીક મર્હુમના સસરા મણીલાલ તેમના કબજાની મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૬ ની પુરઝડપે, બેદરકારી–પુર્વક અને ગફલતભરી રીતે હંકારી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી ઓચિંતા આવી જઈ તેઓની ઈન્ડીગો ગાડી સાથે અથડાવી અકસ્માત સર્જેલ. સદર કહેવાતો અકસ્માત મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૬ ના ચાલકની બેદરકારી અને ગફલતભરી ડ્રાયવીંગ ના કારણે બનવા પામેલ છે તેમાં સામાવાળા નં.૧ ની કોઈ જ કસુર કે બેદરકારી નથી.

**૧૮.** એકંદરે એ હકીકત છે કે, દરેક વ્યકિત પોતે પોતાના માથેથી જવાબદારી ટાળવા પ્રયત્ન કરતી હોય માત્ર જવાબ ઉપર કોઈ કથન કરવુ અને તે જવાબમાં કરેલ કથન જયાં સુધી પુરવાર ન થાય ત્યાં સુધી પ્લીડીગ્સને પુરાવો ગણી શકાય નહી અને પુરાવા વગર ના પ્લીડીગ્સને અદાલત ગ્રાહય રાખી શકે નહી. હાથ પરના કેસમા આંક–૩૩ ના જવાબના સમર્થનમાં માત્ર આંક–૩૪ નું ત્રણ કાગળોનું પુરાવા લીસ્ટ સામાવાળા નં.૧ નાએ રજુ કરેલ છે જેમાં પણ આંક–૭૬ અને આંક–૭૭ થી બાગ ભાગપત યુ.પી.માં નોંધાયેલ વાહનની રજીસ્ટ્રેશન આર. સી. બુક, પોલ્યુશન કંટ્રોલ ચેક સર્ટીફીકેટ અને આર.ટી.ઓ.બાગપતનું સર્ટીફીકેટ તથા સદર કામે પોલીસી આંક–૭૭ ની સામાવાળા નં.૧ નાએ બ્રાન્ચ ઓફીસ દુર્ગા વિહાર કોલોની નગીના રોડ,ધરમપુર શ્રી વસુ ઓટોમોબાઈલ્સ લી.ના સહી સિકકા વાળી વાહન પોલીસી રજુ કરેલ છે જે સમગ્ર દસ્તાવેજી પુરાવો રજુ કરાયેલ છે, પરંતુ જયાં સુધી બનાવમાં મણીલાલ મોટર સાયકલ ચાલકની નિષ્કાળજીનો બચાવ અને પ્લીડીંગ્સ ઈન્ડીગો કારના ચાલકે લીધેલ છે તે માટે થઈને કોઈ પુરાવો આપેલ નથી. આમ ઉપરોકત હકીકતના વિરૂધ્ધમાં અરજદાર તરફે સોગંદ ઉપર પુરાવો રજુ કરવામાં આવેલ છે, જે પણ દાર્શનિક સાહેદ તરીકે નથી, પરંતુ દાર્શનિક સાહેદ તરીકેના પ્લીડીગ્સ એમ.એ.સી.પી.નં.૯૧૭/૧૧ ના કલેમન્ટ મણીલાલે કરેલ જ છે. આમ એકંદરે ઉપરોકત સમગ્ર હકીકત તેમજ સ્વતંત્ર એવી તપાસ પોલીસ પેપર્સ જોવાથી તપાસના અંતે ઈન્ડીગો કારના ચાલક સામે આંક–૮૪ નું ચાર્જશીટ દાખલ કરાયેલ છે ત્યારે હાથ પરના કેસમાં કલેઈમ નં.૯૨૭/૧૧ ના કામે બનાવ ઈન્ડોગોકારના ચાલક તથા મોટર સાયકલના ચાલક મણીલાલની કમ્પોઝીટ ઈન્ટરસેહ ૭૫% તથા ૨૫% બેદરકારીથી બનેલ હોવાનું આ ટ્રીબ્યુનલ માને છે અને ઠરાવ છે. આ તબકકે નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

Considering the total circumstances, this Tribunal comes to conclusion that when all the tortfeasors are impleaded, as per the Judgment reported in *AIR 2015 SC 2261: KHENYEI Vs. NEW INDIA ASSURANCE CO. LTD.* wherein held that it is open for the

tribunal to determine inter se extent of composite negligence of the drivers – joint tortfeasors. However, determination of the extent of negligence between the joint tortfeasors is only for the purpose of their inter se liability so that one may recover the sum from the other after making whole of payment to claimants to the extent it has satisfied the liability to the other. However, it cannot be denied that in case of composite negligence the liability of all joint tortfeasors is joint and several. But the manner in which the accident has occurred both the drivers could have avoided the accident had they taken little care while driving their vehicles. Thus from above discussion considering the facts on record though application u/s.170 of the M.V.Act is granted to the insurance company, but insurance company has not led any contrary evidence.

**૧૯.** આ કામે કલેઈમ કેસ નં.૯૧૭/૧૧ માં મણીલાલ પોતે મોટર સાયકલ નં.જી.જે.૦૯.એ.એમ.૪૬૭૩ ના ચાલક છે અને તેની પોતાની પણ ૨૫% બેદરકારી રહેલ છે ત્યારે હાલની અરજીના કામે મણીલાલની ૨૫% કોન્ટરીબ્યુટરી નેલેજન્સી ગણવામાં આવે છે અને તેમ આ ટ્રીબ્યુનલ ઠરાવે છે.

**<u>મુદ્દા નંબર–૨</u>.** **<u>એમ.એ.સી.પી.નં.૯૨૭/૧૧</u>**

**૨૦.** આ કામે હવે, આ કામે જોવામાં આવે તો અરજદારે તેની અરજીમાં અકસ્માતમાં ગુજરી જનાર મર્હુમ ભાવનાબેન નરેશભાઈ પટેલની ઉંમર ૩૪ વર્ષ દર્શાવેલ છે તેમજ આંક–૧૮ ના અરજદાર નરેશભાઈ મણીલાલ પટેલ પોતાના સોગંદનામામાં પણ મર્હુમ ભાવનાબેનની ઉંમર ૩૪ વર્ષ અકસ્માત સમયે દર્શાવેલ છે. જયારે આંક–પર ની પી.એમ.નોટ ધ્યાનમાં લેતા તેમાં મર્હુમ ભાવનાબેનની ઉંમર ૩૫ વર્ષ દર્શાવેલ છે. જેથી મર્હુમ ભાવનાબેનની અકસ્માત સમયે ઉંમર આશરે ૩૫ વર્ષની હોવાનું જણાય છે. તેવા સંજોગોમાં મર્હુમ ભાવનાબેનની અકસ્માત સમયેની ઉંમર ૩૫ વર્ષની હોવાનું માનવામાં આવે છે. હવે, મર્હુમ પ્રકાશભાઈની માસિક આવક કેટલી તે સંદર્ભે જોતાં અરજદારે તેઓની અરજીમાં તથા તેમના સોગંદનામામાં મર્હુમ ખેતી કરી બિયારણાના પ્લોટ ઉગાડી તેમજ પશુ પાલનનો મોટો તબેલો રાખી દુધ વેચાણ કરી માસીક રૂા.૮૦૦૦/– મેળવતા હોવાની હકીકત તેઓએ જણાવેલ છે અને આ હકીકતને સામાવાળા તરફથી પડકારવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફથી આ હકીકત પુરવાર કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલો નથી. જેથી મર્હુમ ભાવનાબેનની માસીક આવક રૂ.૩૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવે છે. હવે આ કામે ગુજરનારની માસીક આવક રૂા.૩૦૦૦/– ગણતાં મરણ જનારની ઉંમર ૩૫ વર્ષ હતી. તે સંજોગોમાં <u>નામદાર સુપ્રિમ કોર્ટના નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લી. વિ. પ્રણય સેથી સ્પે. લીવ પીટીશન (સીવીલ) નં.૨૫૫૯૦/૨૦૧૪</u> ના ચુકાદા પ્રમાણે ૪૦% પ્રોસ્પેટીક આવક મેળવવા

હકકદાર છે. જેથી રૂા.૩૦૦૦/– ના ૪૦% પ્રોસ્પેટીક આવક ગણતાં રૂા.૧૨૦૦/– થાય. જે રૂ.૩૦૦૦+૧૨૦૦=૪૨૦૦/–કુલ આવક થાય. જેમાંથી ગુજરનાર જો પોતે હયાત હોત તો સ્વભાવિક તેના પાછળ તેને ખર્ચ થયો હોત, જેથી મરણજનારની આવક રૂા.૪૨૦૦/– નો ૧/૩ ભાગ રૂા.૧૪૦૦/– બાદ જતા ગુજરનારની આવક રૂા.૨૮૦૦/– ગણતાં અરજદારો ને મરણજનારનું અકસ્માતમાં મૃત્યુ થતા તેઓની આવકની માસીક નુકશાની હોવાનું ગણાય. જે જોતાં રૂા.૨૮૦૦×૧૨= રૂા.૩૩,૬૦૦/– વાર્ષીક આવકની નુકશાની થાય અને ૧૬–નો ગુણાંક આપતા રૂા.૩૩૬૦૦×૧૬=રૂા.૫,૩૭,૬૦૦/– થાય. હવે, આ કામે મરનારનું મૃત્યુ થતા અરજદારોને તેમની આવકની નુકશાની પેટે રૂા.૫,૩૭,૬૦૦/– ની રકમનું નુકશાન થયેલ છે જેથી તે મુજબ તેઓ વળતર સામાવાળાઓ પાસેથી મેળવવા હકદકાર છે તેમજ અરજદારને મર્હુમનું અકસ્માતમાં મૃત્યુ થતા તેના લીધે થયેલ માનસીક આઘાત અને મર્હુમ ભાવનાબેનને જીદગી ગુમાવી તેના તેમજ મર્હુમની અંતિમ ક્રિયાના ખર્ચના મળી કુલ રૂા.૭૦,૦૦૦/– અરજદારો મેળવવા હકકદાર થાય છે.

**૨૧.** આમ,અરજદાર નીચે મુજબની રકમ મેળવવા હકકદાર બને છે.

| | | |
|---|---|---|
| (૧) | ભવિષ્યની આવકની નુકસાની | રૂ.૫,૩૭,૬૦૦/– |
| (૨) | દુઃખ,દર્દ અને પીડા અને જીદગી ગુમાવી તેના તથા મર્હુમની અંતિમ ક્રિયાના ખર્ચના | રૂ. ૭૦,૦૦૦/– |
| | **કુલ રકમ** | **રૂ.૬,૦૭,૬૦૦/–** |

**૨૨.** આમ, એકંદરે ઉપરોકત હકીકત જોતાં, આ કામે અરજદારો સામાવાળા નં.૧ થી ૩ પાસેથી વળતરની રકમ રૂ.૬,૦૭,૬૦૦/– ( અંકે રૂપિયા છ લાખ સાત હજાર છસ્સો પુરા ) વસુલ મેળવવા હકકદાર છે.

## એમ.એ.સી.પી.નં.૯૧૭/૧૧

**૨૩.** હાથ પરના કેસમાં વીમા કંપનીના વકીલશ્રી એન.એચ.ત્રિવેદીએ અરજદાર મણીલાલનું ચાલુ કામે મરણ થયેલ હોઈ તેઓ બનાવ પછીથી બે વર્ષ જ જીવ્યા હોઈ તેટલો જ મલ્ટીપ્લાય આપવો જોઈએ અને તેઓની માસીક ઈન્કમ રૂા.૨૦૦૦/–ગણવા રજુઆત દલીલ કરેલ છે. એકંદરે તેઓની બનાવ સમયે ૫૭–વર્ષની ઉંમર વય જોતાં અરજદાર મણીલાલ તા.૨૬/૦૯/૧૧ના બનાવ પછી તા.૨૪/૦૩/૧૩ ના રોજ કુદરતી રીતે મૃત્યુ પામ્યા છે અને તે બાબતે કોઈ વાંધા કે રજુઆત અરજદારપક્ષે પણ પોતાના પ્લીડીગ્સ કે દલીલમાં લીધેલ નથી. વીમા કંપની તરફેની દલીલ ઘ્યાને લેતા આ અદાલત વીમા કંપનીના વકીલશ્રીની બે વર્ષના મલ્ટીપ્લાયની રજુઆત દલીલ સાથે સંમત થાય છે અને તે રીતે બનાવ સમયે અરજદાર મણીલાલની ઉંમર સંદર્ભે તેમની રૂા.૩૨૦૦/– ની આવક યોગ્ય વ્યાજબી ન્યાયીક ઉચિત રહેશે. કારણ કે તેમની પોતાની આવકના સંદર્ભમાં પણ તેમના પુત્રોએ કોઈ વિશ્વસનીય

આધાર પુરાવો રજુ કર્યો નથી અને તેથી રૂા.૩૨૦૦/– ની માસીક આવક તેમના આ અરજી સંદર્ભે ઠરાવવાનું આ ટ્રીબ્યુનલ યોગ્ય માને છે.

**૨૪.** હવે, મર્હુમ અરજદાર મણીલાલની માસિક આવક જયારે રૂ.૩૨૦૦/– માનવામાં આવેલ છે તેમજ આ કામે અરજદારને થયેલ ઈજા સંદર્ભે કાયમી ખોડ ૧૬% પક્ષકારોના વિ.વકીલ શ્રીઓની સંમતિથી નકકી થયેલ છે તેવા સંજોગોમાં ૧૬% રકમ અરજદારને એક માસની નુકસાની રૂ.૫૧૨/–થાય અને ૧૨–માસની નુકસાનીના રૂ.૬૧૪૪ –૦૦ થાય અને અરજદાર મણીલાલની બનાવ સમયે ૫૭–વર્ષની ઉંમર વય જોતાં અને અરજદાર મણીલાલ તા.૨૬/૦૯/૧૧ના બનાવ પછી તા.૨૪/૦૩/૧૩ ના રોજ કુદરતી રીતે મૃત્યુ પામ્યા છે. જેથી બે વર્ષનો ગુણાંક આપવો જોઈએ. જે જોતાં રૂ.૬૧૪૪X૨= રૂા.૧૨,૨૮૮/–અરજદારની ભવિષ્યની આવકની નુકશાની થાય. આ કામે મોટર સાયકલ ચાલક અરજદાર મણીલાલ કોદરભાઈ પટેલની ૨૫% સહાયક બેદરકારી ઠરાવવામાં આવેલ છે જે આવકની નુકશાનીની રકમ રૂા.૧૨,૨૮૮/– ની ૨૫% રકમ રૂા.૧૨,૨૮૮X૨૫= રૂા.૩૦૭૨/– થાય. જે આવકની નુકશાનીની રકમ રૂ.૧૨,૨૮૮/– માથી રૂા.૩૦૭૨/– બાદ કરતા રૂા.૯,૨૧૬/– થાય. જેથી અરજદાર આવકની નુકશાનીની રકમ રૂા.૯,૨૧૬/– મેળવવા હકકાદર છે.

**૨૫.** હવે, આ કામે અરજદાર મણીલાલને આ બનાવના કારણે ઈજા થવાથી તેમને દુ:ખ, દર્દ, પીડા ભોગવવી પડેલ છે તેમજ આ કામે અરજદારને થયેલ ઈજાઓની હકીકત જોતાં તથા ખોડની હકીકત જોતાં આ કામે અરજદારને દુ:ખ, દર્દ અને પીડાના હેડ નીચે રૂા.૧૯,૩૦૦/– આપવામાં આવશે તો યોગ્ય, ઉચિત અને ન્યાયી બની રહેશે. જેથી તે મુજબ રૂા.૧૯,૩૦૦/– આપવાનું ઠરાવવામાં આવે છે.

**૨૬.** આ કામે હાલના બનાવ સંદર્ભે અરજદારને આ બનાવના કારણે તેઓને મેડીકલ સારવાર લેવી પડેલ હોય, ડોકટરી તથા દવાઓનો ખર્ચ તેઓને થયેલ હોય. આ કામે અરજદાર તરફે આંક–૬૪ થી દવાના બીલ રજુ કરી દવા–સારવારમાં થયેલ ખર્ચની રકમની માંગણી કરેલ છે, જે ધ્યાનમાં લેતા અરજદારને દવા સારવારમાં કુલ રૂા.૪૮,૧૦૦/– અરજદારને દવા સારવાર પાછળ ખર્ચ છે. જેથી અરજદાર દવા સારવારના હેડ નીચે રૂા.૪૮,૧૦૦/– ની રકમ મેળવવા હકકદાર છે.

**૨૭.** આ કામે અરજદારને ઈજાના કારણે આ બનાવમાં કાયમી ખોડ રહી ગયેલ અને પથારીવશ રહેવું પડેલ હોય તે જોતાં આ કામે અરજદારને ત્રણ મહીનો આરામ કરવો પડેલ હોય અને કામે જઈ શકેલ ન હોઈ, અરજદારને ખરેખર આવકની નુકસાનીના રૂ.૯,૬૦૦/– આપવાનું ઠરાવવામાં આવે છે.

**૨૮.** હવે, આ કામે હાલના બનાવના કારણે અરજદારને તેઓને ઈજાઓ થવાથી તેઓને ખાસ ખોરાક લેવો પડેલ હોય તથા ટ્રાન્સપોર્ટેશનનો પણ તેઓને ખર્ચ થયેલ હોય તથા થયેલ ઈજાઓના કારણે તેઓને એક એટેન્ડન્સની પણ જરૂર પડે. તે તમામ હકીકતો ધ્યાને

લેતાં આ કામના અરજદારને તે હેડ પેટે રૂ.૧૭,૯૦૦/– અપાવવામાં આવશે તો તે યોગ્ય, ઉચિત અને ન્યાયી બની રહેશે.

**૨૯.** આમ,અરજદાર નીચે મુજબની રકમ મેળવવા હકકદાર બને છે.

| | | |
|---|---|---|
| (૧) | ભવિષ્યની આવકની નુકસાની | રૂ. ૯,૨૧૬/– |
| (૨) | દુઃખ,દર્દ અને પીડાના | રૂ. ૧૯,૩૦૦/– |
| (૩) | મેડીકલ ખર્ચના | રૂ. ૪૮,૧૦૦/– |
| (૪) | ખરેખર આવકની નુકસાની | રૂ. ૯,૬૦૦/– |
| (૫) | સ્પેશીયલ ડાયેટ,ટ્રાન્સપોર્ટેશન, એટેન્ડન્સના | રૂ. ૧૭,૯૦૦/– |
| | કુલ રકમ | **રૂ.૧,૦૪,૧૧૬/–** |

**૩૦.** આમ, એકંદરે ઉપરોકત હકીકત જોતાં, આ કામે અરજદાર સામાવાળા નં.૧ થી ૩ પાસેથી વળતરની રકમ રૂ.૧,૦૪,૧૧૬/– ( અંકે રૂપિયા એક લાખ ચાર હજાર એકસો સોળ પુરા ) વસુલ મેળવવા હકકદાર છે.

## <u>એમ.એ.સી.પી. નં.૯૧૮/૨૦૧૧</u>

**૩૧.** હાથ પરના કેસમાં કલેઈમ નં.૯૧૮/૧૧ માં મોટર સાયકલની નુકશાની રૂા.૨૫,૦૦૦/– ની માંગણી કરેલ છે. આંક–૯૦ ની દલીલમાં વીમા કંપનીના વકીલ એન.એચ.ત્રિવેદીએ પેરા–૫ માં મોટર સાયકલની રકમ બાબતે નીચે મુજબની રજુઆત કરેલ છે.

**૩૧.૧.** આ કામના અરજદારે મોટર સાયકલ નં.જી.જે.૦૯ એ.એમ.૪૬૭૩ ને નુકશાન થતા તેનું વળતર મેળવવા માટે રૂા.૨૫,૦૦૦/– નો કલેઈમ કરેલ છે. પરંતુ આ કામે આંક–૭૪ થી રજુ થયેલ પંચનામું જોવામાં આવે તો બાઈકને રૂા.૫૦૦૦/– નું નુકશાન પંચોએ જણાવેલ છે જેમાં આ કામે અરજદારે રજુ કરેલ રીપેરીગના બીલો જોતાં પંચનામાંની વિગતે જે સ્પેરપાર્ટસને નુકશાન થયેલ છે એ સિવાયના પણ બીજા સ્પેર પાર્ટસની ખરીદી કરી રીપેર કરી આ કામે રજુ કરેલ છે. જેથી પંચનામાં મુજબ રૂા.૫૦૦૦/– નું વળતર ચુકવવાનું થાય.આ કામે ઉપરોકત ગૃપ એમ.એ.સી.પી. ના કામે આંક–૮૯ થી જવાબદારી જતી કરવાની અરજદારે પુરસીસ આપેલી છે.

**૩૨.** એકંદરે બંને વકીલશ્રીઓની રજુઆતના સંદર્ભે એમ.એ.સી.પી.નં.૯૧૮/૧૧ ના કામે રજુ આંક–૪૮ ના સોંગદનામામાં ઉપરોકત આંક–૬૭ થી આંક–૭૦ ના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જેમાં નીચે મુજબ દસ્તાવેજી પુરાવા આંક–૧૯ ના લીસ્ટથી એમ.એ.સી. પી. નં.૯૧૮/૧૧ ના કામે જુ થયેલ છે જે અનુક્રમે આંક–૬૭ થી આંક–૭૦ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧). | મોટર સાયકલ નં.જી.જે.૯.એ.એમ.૪૬૭૩ નું રૂા.૮૨૭૬/– નું બીલ | આંક–૬૭ |
| (૨). | મોટર સાયકલ નં.જી.જે.૯.એ.એમ.૪૬૭૩ નું રૂા.૧૧૯૯૩/– નું બીલ | આંક–૬૮ |

(૩). પટેલ મણીલાલ કોદરભાઈના ડ્રાયવીગ લાયસન્સની કોપી આંક–૬૯

(૪). મોટર સાયકલને થયેલ નુકશાન ત્રણ ફોટો અસલ આંક–૭૦

**૩૩.** એકંદરે વીમા કંપનીના વકીલશ્રીની રજુઆત સંદર્ભે પંચનામું આંક–૭૪ જે તા.૨૬/૦૮૯/૧૧ ના બનાવ સંદર્ભે તેજ દિવસે કલાક ૧૩/૦૦ થી ૧૪/૧૫ સુધી પી.એસ.આઈ. જાદર પોલીસે પંચો રૂબરૂ કરેલ છે જેમાં મોટર સાયકલને આશરે રૂપિયા. પાંચ હજારનું નુકશાન થયેલાનું અમો પંચોનું માનવુ છે તેવી વિગત જાહેર કરેલ છે. પરંતુ આંક–૪૮ ના મૌખિક પુરાવામાં ઉલટપાસમાં પણ સાહેદ નરેશભાઈ મણીલાલે એવું સ્વીકારેલ છે કે, મોટર સાયકલને નુકશાન થયેલ તેનો કોઈ સરવેનો રીપોર્ટ કરાવેલ નથી. આ સંજોગોમાં સમગ્ર બાબત લક્ષમાં રાખી તેનું ન્યાયીક વિશ્લેષણ આ ટ્રીબ્યનલના મંતવ્ય મુજબ કરીએ તો મોટર સાયકલનું મોડલ અને તેના ફોટોગ્રાફ રજુ થયેલ છે તેના પર રહેલ એસેસરી વગેરે અને હાલના સમયે મોટર સાયકલની બજાર કિંમત ઉપરાંત જે તે સમયના મોડલ સંદર્ભે મોટર સાયકલની મુળ કિંમત સંદર્ભે રૂા.૨૫,૦૦૦/– નું નુકશાન વધુ પડતુ રહેલ છે અને તમામ સંજોગો જોતાં આ ટ્રીબ્યુલના મંતવ્ય મુજબ રૂા.૧૪,૫૦૦/– નું મોટર સાયકલના નુકશાન વળતર પેટેની રકમ જો અરજદારને આપવામાં આવે તો તે તમામ રીતે યોગ્ય, ન્યાયીક રહે તેમ આ ટ્રીબ્યુનલ માને છે અને તેથી મોટર સાયકલના નુકશાન પેટે અરજદાર રૂા.૧૪,૫૦૦/–ની રકમ સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે વસુલ મેળવવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**૩૪.** આ કામે હાલનો બનાવ સને ૨૦૧૧ માં બનેલો છે તે વખતે પણ વ્યાજના દર બહુ ઉંચા ન હતા અને હાલના સમયે ઉંચા દરો નથી તેમજ કેટલું વ્યાજ અપાવવું તે ટ્રીબ્યુનલની વિવેકબુધ્ધિ ઉપર આધાર રાખે છે. In view of the decisions of the Hon'ble Apex Court in the case of **Sanjay Batham v. Munnalal Parihar and others - 2011 ACJ-2869** and **Mohan Soni v. Ram Avtar Tomar and others- 2012 ACJ-583 and Santosh Devi and others V. Mahaveer Singh and others-AIR 2018 SC 3787**, the claimant is entitled to get amount of compensation along with interest thereon at the rate of 8.75% per annum from the date of his application till its realization from the opponents. આમ આ કામે મુદ્દા નં.૨ નો જવાબ તે મુજબ આપી, મુદ્દા નંબર–૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદારોની મોટર વ્હીકલ એકટની કલમ ૧૬૬ મુજબની વળતર મેળવવા માટેની અરજીઓ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**એમ.એ.એ.સી.પી.નંબર–૯૨૭/૧૧**

(૨) એમ.એ.સી.પી. નં.૯૨૭/૧૧ ના અરજદારો આ કામના સામાવાળા નં.૧ થી ૩ પાસેથી **રૂ.૬,૦૭,૬૦૦/– ( અંકે રૂપિયા છ લાખ સાત હજાર છસ્સો પુરા)** વળતરની રકમ દર વર્ષે, દર સેકંડે ૮.૭૫% ના સાદા વ્યાજના દરે, ખર્ચ સાથે અરજીની તારીખથી વસુલ થતાં સુધી સંયુકત અને વિભકતરીતે મેળવવા હકકદાર હોય, તે મુજબ સામાવાળાઓ વિરૂઘ્ધ તે રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જે રકમમાંથી અરજદાર નં.૧ ને રકમ, અરજદાર નં.૨ ને રકમ, અરજદાર નં.૩ ને રકમ ચુકવવી.

**એમ.એ.એ.સી.પી.નંબર–૯૧૭/૧૧**

(૩) એમ.એ.સી.પી. નં.૯૧૭/૧૧ ના અરજદારો આ કામના સામાવાળા નં.૧ થી ૩ પાસેથી **રૂ.૧,૦૪,૧૧૬/– ( અંકે રૂપિયા એક લાખ ચાર હજાર એકસો સોળ પુરા)** વળતરની રકમ દર વર્ષે, દર સેકંડે ૮.૭૫% ના સાદા વ્યાજના દરે, ખર્ચ સાથે અરજીની તારીખથી વસુલ થતાં સુધી સંયુકત અને વિભકતરીતે મેળવવા હકકદાર હોય, તે મુજબ સામાવાળાઓ વિરૂઘ્ધ તે રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જે રકમમાંથી અરજદાર નં.૧ ને રકમ, અરજદાર નં.૨ ને રકમ, અરજદાર નં.૩ ને રકમ ચુકવવી.

**એમ.એ.સી.પી.નંબર–૯૧૮/૧૧**

(૪) એમ.એ.સી.પી.નં.૯૧૮/૧૧ ના અરજદારો આ કામના સામાવાળા નં.૧ થી ૩ પાસેથી **રૂ.૧૪,૫૦૦/– ( અંકે રૂપિયા ચૌદ હજાર પાંચસો પુરા)** વળતરની રકમ દર વર્ષે, દર સેકંડે ૮.૭૫% ના સાદા વ્યાજના દરે, ખર્ચ સાથે અરજીની તારીખથી વસુલ થતાં સુધી સંયુકત અને વિભકતરીતે મેળવવા હકકદાર હોય, તે મુજબ સામાવાળાઓ વિરૂઘ્ધ તે રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જે રકમમાંથી અરજદાર નં.૧ ને રકમ, અરજદાર નં.૨ ને રકમ, અરજદાર નં.૩ ને રકમ ચુકવવી.

(૫) આ કામે એમ.એ.સી.પી.નં.૯૧૮/૧૧ ના અરજદારોના ભાગે આવતી વળતરની તમામ રકમ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી તથા બાકીની વળતર અરજી ઓની રકમમાંથી કોર્ટ ફીની રકમ તથા જો વચગાળાની રકમ ચુકવી હોય તો તે બાદ કરી બાકીની વળતરની રકમમાંથી ૬૫% રકમ નેશનલાઈઝ બેન્કમાં ૩ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ તરીકે રાખવી, જયારે બાકીની ૩૫% રકમ અરજદારોને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવી.

(૬) આ કામના સામાવાળાઓ ધ્વારા અરજદારોની વળતરની રકમ આ હુકમ તારીખથી ૩૦ દિવસમાં આ ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે.

(૭) અરજદારોને થયેલ ખર્ચ સામાવાળાઓએ ભોગવવો અને સામાવાળાને થયેલ ખર્ચ પોતે જાતે ભોગવવો.

(૮) નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭ એ.સી.જે.૧૮૯૭ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ટી.ડી.એસ. અંગે આપેલ માર્ગદર્શિકાનું ઈન્સ્યોરન્સ કંપની એ અચુક રીતે પાલન કરવું.

(૯) આ હુકમ મુજબનો એવોર્ડ દોરવો.

(૧૦) આ હુકમની એક નકલ એમ.એ.સી.પી.નંબર–૯૧૭/૧૧ અને ૯૧૮/૧૧ ના કામે મુકવી.

હુકમ આજ તા.૦૮ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી જાહેર કર્યો.

ઈડર.

તા.૦૮/૦૧/૨૦૧૯

**(કે.એ.પઠાણ)**
જીજે૦૦૩૪૭
મોટર અકસ્માત વળતર પંચ(સહાયક)
એડી.ડીસ્ટ્રીકટ કોર્ટ,
સાબરકાંઠા,ઈડર.

(એમ.એચ.પઠાણ, ગુ.સ્ટેનો)